## (1) રોગન આર્ટના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ આર્ટની શરૂઆત દક્ષિણ ભારતમાં કરવામાં આવી હતી.

(2) રોગન કલા એ કાપડ પરની ચિત્રકલા છે.

(3) આ કલા અંતર્ગત એરંડાના તેલ અને કુદરતી રંગોથી બનેલા સમૃદ્ધ, તેજસ્વી રંગનો ઉપયોગ કરવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)

(B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રોગન આર્ટના કલાકારોએ જીવનનિર્વાહ માટે COVID-19થી પોતાને બચાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતા માસ્ક પર રોગાન આર્ટ બનાવવાનું શરૂ કર્યું.

⇛ રોગન આર્ટ વિશે

- રોગન આર્ટ એક પ્રાચીન કાપડ કળા છે જેની શરૂઆત પર્શિયામાં થઈ હતી જે લગભગ 300 વર્ષ પહેલાં ભારતના ગુજરાતના કચ્છમાં પ્રચલિત થઈ હતી. (આથી, વિધાન (1) ખોટું છે.)
- 'રોગન'એ પર્શિયન મૂળનો શબ્દ છે જેનો અર્થ 'તેલ' છે. 'રોગન આર્ટ'એ એરંડાના તેલ અને કુદરતી રંગોથી બનેલા સમૃદ્ધ, તેજસ્વી રંગનો ઉપયોગ કરીને કાપડ પર પેઈન્ટિંગ કરવાની તકનીક છે.
- એરંડો એ ગુજરાતના કચ્છમાં ઉગાડવામાં આવતો સ્થાનિક પાક છે. જેને કલાકારો મૂળ રૂપે સ્થાનિક ખેડૂતો પાસેથી મેળવે છે.
- પરંપરાગત રીતે તેનો ઉપયોગ પ્રાદેશિક આદિજાતિઓમાં કન્યાના કપડાને શણગારવા માટે કરવામાં આવતો હતો.
- આ કલાનો ઉપયોગ ઘાઘરા, ઓઢણી અને બેડશીટ્સની કિનારીઓને સજાવવા માટે કરવામાં આવે છે.
- જોકે, હાલમાં આ કલા દિવાલ પર પણ ઉપયોગમાં લેવામાં આવી રહી છે, જેના કારણે આ કલાને 'રોગન કામ' નામે પણ લોકપ્રિયતા મળી છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ભારતીય બંધારણ અંતર્ગતના વિશેષાધિકારના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) ભારતીય બંધારણના અનુચ્છેદ 105 અંતર્ગત રાજ્યની વિધાનસભાના સભ્યોના વિશેષાધિકારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(2) વિશેષાધિકારના ભંગના નિર્ધારણ કરવા અને દંડના સંબંધમાં કોઈ સ્પષ્ટ, સૂચિત નિયમ નથી.

(3) જો આરોપી વ્યકિત વિશેષાધિકારના ભંગ અથવા ધારાસભ્યની અવમાનના દોષી સાબિત થાય છે, તો તેના માટે સજાની ભલામણ કરી શકાય છે.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ બંધારણના અનુચ્છેદ 105 હેઠળ ભારતીય સંસદ, તેના સભ્યો અને સમિતિઓના વિશેષાધિકારોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બંધારણના અનુચ્છેદ 194 રાજ્યની વિધાનસભાઓ, તેના સભ્યો અને સમિતિઓને પ્રાપ્ત સત્તા, વિશેષાધિકાર સાથે સંબંધિત છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તાજેતરમાં મહારાષ્ટ્ર વિધાનસભાના બંને ગૃહમાં અર્ણવ ગોસ્વામી અને કંગના રનાઉત સામે વિશેષધિકારના ભંગ માટે એક પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

⇛ વિશેષાધિકારના ભંગના નિર્ધારણ કરવા અને દંડના સંબંધમાં કોઈ સ્પષ્ટ, સૂચિત નિયમ નથી.

⇛ સામાન્ય રીતે કોઈપણ અધિનિયમ કે જે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે, સંસદના ગૃહના કામને અવરોધે છે અથવા સંસદના સભ્ય અથવા અધિકારીની ફરજોમાં વિક્ષેપ લાવે છે, તેને વિશેષાધિકારનો ભંગ માનવામાં આવે છે.

⇛ જો આરોપી વ્યકિત વિશેષાધિકારના ભંગ અથવા ધારાસભ્યની અવમાનના દોષી સાબિત થાય છે, તો સમિતિ તેના માટે સજાની ભલામણ કરી શકે છે.

⇛ સજા તરીકે, અપરાધીને રાજ્યની વિધાનસભાની નારાજગી વિશે જાણ કરી શકાય છે, આરોપીની ગૃહ સમક્ષ બોલાવીને ચેતવણી આપી શકાય છે અને ગુનેગારને જેલ પણ મોકલી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) આત્મનિર્ભર ARISE-અટલ ન્યુ ઈન્ડિયા ચેલેન્જના સંદર્ભે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ ચેલેન્જની શરૂઆત એ નીતિ આયોગ દ્વારા કરવામાં આવી છે.

(2) આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય પણ આ ચેલેન્જ અંતર્ગત એક ભાગીદાર છે.

(3) પ્રોગ્રામ સૂચિત ટેક્નોલોજી સોલ્યુશન અને અથવા પ્રોડકટની ઝડપી વિકાસ માટે રૂપિયા 1 લાખ સુધીની સહાય કરશે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં અટલ ઈનોવેશન મિશન (AIM), નીતિ આયોગ દ્વારા આત્મનિર્ભર ભારત ARISE-અટલ ન્યુ ઈન્ડિયા ચેલેન્જની શરૂઆત કરી છે.

⇒ ભારતીય MSME અને સ્ટાર્ટઅપ્સમાં સંશોધન અને નવીનતાને પ્રોત્સાહિત કરવા.

⇒ આ કાર્યક્રમ ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) અને ચાર મંત્રાલયો—સંરક્ષણ મંત્રાલય, ફૂડ પ્રોસેસીંગ ઉદ્યોગ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય અને સંબંધિત ઉદ્યોગો દ્વારા સંચાલિત કરવામાં આવશે જેનાથી વિવિધ ઉદ્યોગોની સમસ્યાઓ માટે ઈનોવેટીવ સમાધાન શોધી શકાશે.

⇒ આ પ્રોગ્રામ સૂચિત ટેક્નોલોજી સોલ્યુશન અને અથવા પ્રોડકટના ઝડપી વિકાસ માટે રૂપિયા 50 લાખ સુધીની સહાય સાથે કરપાત્ર સંશોધન આધારિત નવીનતાઓને ટેકો આપશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) સરકારી વિદ્યાલયોમાં શૌચાલય પર ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષકના સંદર્ભે નીચેનામાંથી સાચાં વિદ્યાનો સાચા છે ?**

(1) આ રિપોર્ટનો સર્વે બધાજ રાજ્યો અંતર્ગત કરવામાં આવ્યો હતો.

(2) રિપોર્ટ મુજબ સરકારી વિદ્યાલયોમાં 70%થી વધુ શૌચાલયોમાં પાણીની સુવિધા ઉપલબ્ધ નથી.

(3) સ્વચ્છ વિદ્યાલય અભિયાન અંતર્ગત ઓળખાવમાં આવેલા બધા જ શૌચાલયોનું રિપોર્ટ મુજબ નિર્માણ કરવામાં આવ્યું નથી.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક દ્વારા સરકારી વિદ્યાલયોમાં શૌચાલય પર એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો જેની મુખ્ય બાબતતો નીચે મુજબ છે.

- સંસદમાં રજૂ ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG) એ પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે દેશભરની સરકારી શાળાઓમાં બનાવવામાં આવેલા શૌચાલયમાં 70 ટકાથી વધુ શૌચાલયોમાં પાણીની સુવિધા નથી, જ્યારે 75 ટકા શૌચાલયો નિર્ધારિત ધોરણોને યોગ્ય રીતે અનુસરતા નથી.
- રિપોર્ટમાં કહેવામા આવ્યું છે કે ‘સ્વચ્છ વિદ્યાલય અભિયાન’ હેઠળ જાહેર ક્ષેત્રના કેન્દ્રિય સાહસો દ્વારા ઓળખાતા કુલ 83 શૌચાલયો છે જે હજી બાંધવામાં આવ્યા નથી.
- જ્યારે અન્ય 200 શૌચાલયોના નિર્માણનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે, પરંતુ તે હજુ અસ્તિત્વમાં નથી, જ્યારે ત્યાં 86 શૌચાલયો છે જે ફક્ત આંશિત રીતે બનાવવામાં આવ્યા છે.
- રિપોર્ટ અનુસાર, અહીં 691 શૌચાલયો છે જેનો ઉપયોગ પાણીના અભાવ, તોડ–ફોડ અથવા અન્ય કારણોસર ઉપયોગ કરવામાં આવતો નથી.
- મતદાન કરાયેલ 1967 શાળાઓમાંથી, 99 શાળાઓમાં કોઈ પ્રકારના શૌચાલય નથી, જ્યારે 436 શાળાઓમાં ફક્ત એક જ શૌચાલય છે, એટલે કે 27 ટકા શાળાઓ છોકરાઓ અને છોકરીઓ માટે અલગ શૌચાલય પ્રદાન કરવાનો લક્ષ્ય પૂર્ણ થયો નથી.
- સર્વે દરમિયાન જાણવા મળ્યું કે 72 ટકા શાળાઓમાં શુદ્ધ પાણીની પહોંચ નથી, 55 ટકા લોકોને હાથ ધોવા માટેની સુવિધા નથી.
- સર્વે મુજબ સરકારી શાળાઓમાં 75 ટકા શૌચાલયો એવા છે કે દિવસમાં ઓછામાં ઓછા એકવાર ફરજિયાત સ્વચ્છતાના ધોરણનું પાલન કરવામાં આવતું નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) જ્ઞાનપીઠ પુરસ્કારના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) વર્ષ 2019નો આ પુરસ્કાર અક્કીથમ અચ્યુથન નંબુદરીને આપવામાં આવ્યો હતો.

(2) આ પુરસ્કાર બંધારણની 8મી અનુસૂચિ અંતર્ગતનીભાષાઓ માટે આપવામાં આવે છે.

(3) આ એવોર્ડ અંતર્ગત 11 લાખ રૂપિયા, પ્રશસ્તિપત્ર અને વાગદેવીની કાંસાની પ્રતિમા આપવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇒ **જવાબ :- D**

**સમજૂતી :**

⇒ 24 સપ્ટેમ્બર, 2020ના રોજ, મલયાલમ સાહિત્યના પ્રખ્યાત કવિ અક્કીથમ અચ્યુથન નંબુદરીને કેરળના કુમારનાલુર જિલ્લામાં તેમના નિવાસસ્થાને આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં જ્ઞાનપીઠ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

⇒ જ્ઞાનપીઠ એવોર્ડની આ 55મી આવૃત્તિ છે.

⇒ ભારતીય સાહિત્ય માટે ભારતીય જ્ઞાનપીઠ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવતો આ સર્વોચ્ચ એવોર્ડ છે.

⇒ સાહિત્યના ક્ષેત્રે આજીવન યોગદાન આપવા માટે બંધારણની 8મી અનુસૂચિમાં જણાવેલ 22 ભારતીય ભાષાઓમાં લખનારા લેખકને આ એવોર્ડ આપવામાં આવે છે.

⇒ આ એવોર્ડ અંતર્ગત 11 લાખ રૂપિયા, પ્રશસ્તિપત્ર અને વાગદેવીની કાંસાની પ્રતિમા આપવામાં આવે છે.

⇒ પ્રથમ જ્ઞાનપીઠ એવોર્ડ વર્ષ 1965માં મલયાલમ સાહિત્યકાર જી. કે. શંકર કુરૂપને અપાયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT